Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-2, September-2021

# સુરેશ જોષી કૃત 'ગૃહપ્રવેશ' સંગ્રહની વાર્તાઓમાં આલેખાયેલ માનવજીવન

Mamta H.Chauhan
Ph.D Scholar, mamtachauhan15190@gmail.com

૧૯૫૭માં પ્રગટેલ સુરેશ જોષી આ વાર્તાસંગ્રહએ સાહિત્ય વિશેના અનેક અભિગમો ને બદલ્યા અને કેટલાક નવા અભિગમ સ્થાપ્યા. પ્રસ્થાવના રૂપે રજૂ થયેલ 'કિંચિત્' નામનો લેખ માટે સુમન શાહ કહે છે તેમ કે-" 'સાહિત્ય સમસ્ત વિશેના કેટલાક પાયાના પ્રશ્નો'ની રજૂઆત એ લેખનો વિષય હોવા છતાં આપણને એમાં સુરેશ જોશીની કલાવિભાવનાનો, કલાનાં સ્વરૂપ અને પ્રયોજન વિષેની ઊંડી સમજનો અચ્છો પરિચય મળી રહે છે."૧ જૂની વાર્તાશૈલી હોય કે પછી તેને માપવાના માપદંડની વાત હોય દરેક ક્ષેત્રને સુરેશ જોષીએ આ સંગ્રહ દ્વારા હચમચાવ્યું છે, જેના વિશે જયંત પારેખે કહ્યું છે તેમ કે – "'ગૃહપ્રવેશ'ની પ્રસ્તાવના 'કિંચિત્' અત્યંત નિર્ણાયક અને ક્રાંતિકારક પૂરવાર થઈ. પોતાની આગવી કલામીમાંસાથી સુરેશ જોશીએ સાહિત્ય વિશેનો અભિગમ ધરમૂળથી બદલી નાખ્યો; સાહિત્યનો સાહિત્ય તરીકે મહિમા કર્યો, કલાસિદ્ધિ સિવાયના અન્ય પ્રયોજનોમાંથી એને મુક્ત કર્યું એટલું જ નહીં, સાહિત્ય બનીને જ એ બીજું બધું બની શકે એવી શ્રદ્ધા વ્યક્ત કરી; સાહિત્ય, કલા ને માનવનિયતિ વિશે નવી સંવેદના, નવી સૂઝ ને નવી રુચિ કેળવ્યાં, નવો રોમાંચ પ્રગટાવ્યો."૨ આ સંગ્રહની વાર્તા વિશે જણાવતા પણ તેઓ કહે છે કે- "સુરેશ જોશીએ 'ગૃહપ્રવેશ' માં વિવેચનને પડકાર કર્યો, ટૂંકી વાર્તા ને એના મૂલયાંકન વિશે નવેસરથી વિચાર કરવાની ફરજ પાડી; એની રચનાને નિમિત્તે એમણે રૂપરચના ને વાસ્તવિકતાનું રૂપાન્તર, યુગસંવેદના ને ભાવશબલતા, સન્દિગ્ધતા ને કાળયોજના, કપોલકલ્પિત ને પ્રતીકરચના, ઘટનાહ્રાસ ને ભાષાની શક્તિ – આવી અનેક વિભાવનાની મર્મગામી વિચારણા કરી ને નવી કલામીમાંસાથી વિવેચનને સમૃદ્ધ કર્યું. વિશ્વસાહિત્યની ક્ષિતિજો ચીંધીને સાહિત્યને ઊંચી સિદ્ધિનાં સાહસ કરવા પ્રેર્યું. ગુજરાતી ભાષા ને સાહિત્ય પર એમણે પોતાની એવી તો મુદ્રા અંકિત કરી કે એને ક્યારેય હતી ન હતી ન કરી શકાય"૩ સર્જનકળાનાં આ નવા રંગરૂપવાળી ગુજરાતી વાર્તાઓને નવો વળાક આપતી આ સંગ્રહની વાર્તાઓમાં કઈ કઈ રચનારીતીઓ, તેના કેવા કેવા પરીણામો, ભાષા, પાત્રો, ઘટના કે ઘટનાનો હ્રાસ વિશે વિચારવાનું અવશ્ય મન થાય અને સાથે એ પણ જાણવા-પ્રમાણવાનું મન થાય કે આ વાર્તાઓમાં આલેખાયેલું માનવજીવન કેવું છે?, આ અનેક પ્રયુક્તિઓ દ્વારા માનવ મનની કઈ ગતિવિધીને તેમણે ઉજાગર કરી છે.

વાર્તા લખવાનું પ્રયોજન શું? એવો સવાલ સુરેશ જોષીને પૂછવામાં આવે તો તેનો જવાબ આપતા તેઓ તેને 'લીલા' કહે.

આ સંગ્રહની વાર્તાઓ માટે સુરેશ જોષી પણ માને છે તેમ કે તે પ્રયોગ છે, ગન્તવ્ય સ્થાને પહોચવાનો પ્રયત્ન કે તપ છે. પણ કૃતિ રચાય એટલે એમાં માનવજીવન અને તેની સંવેદના ડોકાયા વિના રહેતી નથી.

**'જન્મોત્સવ'** વાર્તામાં જન્માષ્ટમીના ઉત્સવની ની તૈયારી સામે ગરીબ ઘરમાં બાળકના જન્મની સ્થિતિને સન્નિધીકરણ અને પુરાકલ્પની પ્રયુક્તિ દ્વારા સામ સામે રાખીને સર્જકે માનવજીવનના બે પાસાને ઉજાગર કર્યા છે. વૃન્દાવનના મોટા દીકરનું અમેરીકાથી એન્જિનિયરીંગનું શિક્ષણ મેળવીને આવવું, તેણે અવનવી ટેકનીક સાથે કૃષ્ણ જન્મને તાદ્દશ કર્તા દ્રષ્ય રજૂ કરવા, કૃષ્ણ જન્મના દ્રશ્યો જોવા આતુરતાથી રાહ જોવાય, બીજી બાજુ ઝૂપડામાં રહેતા એક કુટુંબમાથી કણસવાનો અવાજ આવતો હતો, માણકી બાળકને જન્મ આપવાની હતી પણ એ બાળકની રાહ જોવાતી ન હતી, સાડા આગયાર થી બાર વાગ્યા સુધીના સમયમાં બંને ઘરમાં જન્મને માટે થતી તૈયારીઓ, બાર વાગે કૃષ્ણ જન્મના દ્રશ્યો સામે માણકીના બાળકનો જન્મ, વાસુદેવનું બાળકના જીવનને બચાવવા પોતાનાથી દૂર કરવું, માણકીના પતિ કાનજીનું પોતાના પુત્રને ભીખ માગીને ખાઈ શકે તે માટે વિકલાંગ બનાવવા લઈ જવું, ગોકુળમાં જન્મનો ઉત્સવ, તો બીજી બાજું માણકીના દીકરાના ઘૂટણ મરડીને ટચકા ફોડાવવા, બાળકની ચીસ, માણકીનું રુદન, આમ શ્રીમંત અને ગરીબ પરીવારની બે પરીસ્થિતિને સામ સામે મૂકી માનવનિયતિ દર્શાવી છે. કપોલકલ્પના અને અશોકવનમાં સીતાજીને વ્યાપેલી એકલતાના પુરાકલ્પના સ્પર્શવાળી **'દ્વિરાગમન'** વાર્તાના હર્ષદરાયનું જીવન ઘડીયાળના ટકોરા સાથે ચલાવે, ઘરની વ્યવસ્થા પણ નિયમ પ્રમાણે ચાલે, મોટી દીકરી રમા અને નાના નરેશનો અભ્યાસ, પત્ની સુમતીનુ ઘરકામના રોજના થતાં નાના મોટા અવાજો, પણ આજે સામેના ઘરે લગ્ન હોવાથી આ સુંદર વ્યવસ્થામાં ભંગ પડે અને તેનો બહારી દેખાડો તૂટે છે. મનની અસ્વસ્થતા બહાર છલકાય જાય. હર્ષદરાય બારી બંધ કરી બહારના અવાજને આવતા અટકાવે, બધુ પાછું નિયમ મુજબ ગોઠવવા મથે, પણ મનની વાસ્તવિકતા છતિ થયા વિના ન રહી. વારાફરતી બધા ઊંઘી ગયા, બહારથી વરઘોડાનો વધતો જતો અવાજ, હર્ષદરાયની સુષુપ્તિનો કિનારો તૂટું તૂટું થવું, નારીદેહ દેખાવું, તેની પાછળ જવું, ખભા પર હાથ મૂકતાં જણાય કે તે સુમતિ હતી, જાણે ખરાબ કામ કરતા પકડાઈ ગઈ તેમ તે ચોકી પણ હર્ષદરાયના ચાંદનીમાં રંગાયેલા મુખને જોઈ પાંત્રીસ વર્ષની પ્રૌઢા બે દાયકાના મૌનને ખંખેરી ષોડશી બની ગઈ. બંને હાથ પકડીને ઘરમાં આવ્યા ત્યારે ઘર માથી કશુંક ગભરાયને નીકળી ગયું. **'અભિસાર'** વાર્તાના અનંગના ઉર્વશી પ્રત્યેના પ્રેમની સંવેદનાના દુખને શેકાતા ડુક્કરની પીડા સાથે મૂકી છે. અનંગને મળવા આવેલી ઉર્વશી તેની પ્રણયચેષ્ટાઓને અનુભવે પણ સમજી શકતી નથી, અનંગના મો પર રહેલું સભ્યતાનું મોહરું તેના સાચા ભાવ પ્રગટ કરવા દેતું નથી અને એ એક જુદા જ પ્રકારની વેદનામાં સરતો દેખાય છે.**'વૈશાખ**

**સુદ અગિયારસ' વાર્તામાં** આભાના લગ્ન સમયે વિધવા કેતકી કપોલકલ્પનામાં થોડી ક્ષણ માટે સરી જાય છે. તેને મૃત પતિ નીરદના પગલા સંભળાય, તે લાગે કે નીરદ તેને પોતાના લગ્નની તિથી આજે વૈશાખ સુદ અગિયારસ છે તે યાદ કરાવે છે ને મૂહર્ત ચાલ્યું જશે જલ્દી તૈયાર થઈ જા એમ સંભળાય છે. કેતકી આ સાંભળી સમાજની ચિંતા છોડી પોતાની પેટી ખોલીને **પા**નેતર, કંકણ, ઝાંઝર પહેર્યા. '**પાંચમો દાવ**'માં વાર્તા નાયક હરકાન્ત તરંગિણીના પત્રને લઈને બઠો છે. સુશીલા હરકાંત કોઈ કામ માટે ઘર બહાર જાય તેવી ઈચ્છા રાખીને બેઠી છે. હરકાન્ત અને સુશીલા બેન્ને એકમેક સામે પોતાની બેવફાઈ છુપાવવાનો પ્રયત્ન કરે છે, કે દાવ ખેલે છે. બીજી તરફ કનુ દાખલો ગણે છે પણ તેમાં ગૂચવાયા કરે પણ કનુનો દાખલા ઉકેલવાનો પાંચમો દાવ સફળ થાય જ્યારે હરકાન્ત અને સુશીલા ગૂચવાતા જ રહે છે. હરકાંત સુશીલાને બારી માંથી કોઈને ઇશારા કરતા જોઈ લે છે. '**પરાક્રમકાણ્ડ**' વાર્તા નાયકના ઘરની સામેના ઘરે પંડ્યાની વહુ જેને ક્ષયની બીમારી છે તે આજકાલમાં આવી જવાની છે. નાયકની પત્ની તેને કોઈ પણ હિસાબે અહીથી ભગાડવા માગે છે. અનેક પ્રયત્ન કરવા નાયકને પણ મજબૂર કરે છે. પત્ની આ કાર્યમાં સફળ રહી પણ અંતે પરાક્રમ કર્યું કે એ લોકો જાય છે તે જોવા પતિને સ્ટેશન મોકલ્યો ને ત્યાં એ ક્ષય ગ્રસ્થ પંડ્યાની વહુ ને મળ્યા ત્યારે તેમને ખબર પડી કે તે તેમની બાળસખી નિરંજના છે જેણે બાળપણમાં છૂટા પડતી વખતે પોતાને યાદ રાખવા ચૂટી ખણેલી અને આજે પણ તેણે સ્નેહભરી કરૂણ આંખોએ નાયક પર પ્રેમનો ધોધ વહાવતા પોતાને યાદ રાખવા ફરી ચૂટી ખણી. બચવાના અનેક પરાક્રમ પછી જાણે કાણ્ડ થયો.

'**નળદમયન્તી**' વાર્તામાં ચિત્રાની પરપુરુષ સાથેની દ્વિધા, ઉદારતા, પતિ તરફની લાગણીને નળદમયન્તીના પુરાકલ્પન સાથે વિરોધાવી છે. આર્થીક સ્થિતિ અને બેરોજગારીનો પ્રશ્ન પણ જોવા મળે છે. '**વિચ્છેદ**' પતિની રાહ જોતી પત્ની ભૂતકાળને ફંફોસતી રૂપ- કુરૂપ સાથે હાલના જીવાતા જીવનના સુખ દુખ કે નિરાશાને તોલે છે. પોતાના જીવનનું જ મૂલ્યાંકન કરતા પ્રાપ્ત થયેલી જાગ્રતતા તેના અસ્તિત્વને વધુ ઝંઝોડે છે. જેવી છે તેવી પણ ન રહેતા એ દ્વીધા તેના અસતીત્વનો વિચ્છેદ ઊડે છે . '**સાત પાતાળ**' વાર્તાના રુધિરની મનસ્થિતિ રેખાના ઘરમાં પ્રવેશ્યા પછી બદલાય જાય છે. પોતાને માટે રેખા તરફથી જે અપેક્ષા રાખી હતી તે ન અનુભવાય અને રેખાનો પોતાના સિવાય અન્ય પુરુષ સાથે સંબંધ છે એ જાણ થતાં જ ઘર બહાર નીકળી જાય છે. '**ત્રણ લંગળાની વાર્તા**'માં કાંતિલાલ સાચું હસી શકતા નથી. હસવાના કારણો શોધતા કાંતિલાલને લંગડો પુત્ર ભગીરથની શીખર ચડવાની ઈચ્છા સાંભળીને હસુ નથી આવતું પણ વાર્તાઅંતે ક્રોધે ભરાયેલા સાહેબને જોઈ તે હસે છે, એ એના મનની વેદના, કરૂણતા જ બતાવે છે. ભગીરથની શારીરીક વિકલાંગતા સામે કાંતિલાલ અને તેના સાહેબની માનશીક નબળાઈ છતી થાય અને વાર્તા અંતે ત્રણે

પાત્ર લંગડાતા દેખાય. **'વાર્તા કહો ને!'** વાર્તામાં વાર્તાનાયક ઈન્દુભાઈ ઘરમાં એકલા છે, પત્ની ભગવતકથા સાંભળવા ગયેલી છે ત્યારે ચમ્પા આવી. ચમ્પાએ વાતવાતમાં ડોક્ટરે કહેલી પોતાના દાંપત્ય જીવનની વાત કરી કે મા ન બનવામાં પોતાનામાં કોઈ દોષ નથી. પોતાની મા બનવાની ઈચ્છા પ્રગટ કરી, ઈન્દુભાઈએ તેને સમજાવવા કે આશ્વાસન આપવા 'એક વાર્તા કહું' એમ બોલ્યા પણ ચમ્પાની આ મૂઝવણ દૂર થાય એવી કોઈ વાર્તા હોઈ શકે?, તેઓ વાર્તા કહી ન શક્યા. નાના બાળકની જેમ તે બોલતી રહી 'વારતા કહો ને, ઈન્દુભાઈ'. ચંપાની અતૃપ્તી તેની પાસે બધી મર્યાદાઓ તોડાવે, **'સેતુબન્ધ'**નો નાયક નીલકંઠને પોતાના પરીવાર તરફથી મળેલી ઉપેક્ષા તેને હતાશ-નિરાશ બનાવે છે. ઘરની આર્થીક પરીસ્થિતિ, ઘરના વ્યક્તિની આરોગ્યને લગતી બાબત તેને મંદાકિની સાથેના જીવનમાં આગળ વધતાં ક્યાંક રોકે છે, સેતુ બંધાતો નથી.

**'કાલીયમર્દન'** વર્તાનો નાયક લીના, સોનલ સાથેના જાતિય સંબધો વિષે વિચારે છે. મિત્રની પત્ની સુધાએ પતિની ચા છોડાવવા માટે 'હલકામા હલકી ચા' વાપરવા વાળી વાત વારંવાર યાદ કરતો હતો ને બારણું ખખડાવવાનો અવાજ આવ્યો. જાડા કાચના ચશ્મા, ઝીણી આંખો, વધારે પડતો લાંબા ચહેરાવાળી છોકરી આવી ને 'હલકામા હલકી' શબ્દ યાદ આવ્યા. આ કદરૂપી છોકરીના વર્તન સાથે તે સોનલના વર્તનને તોલતો હતો. સોનલે જગાવેલ ઉન્માદને ઠારવા તે મોનોમન કાલીયમર્દન કરવું પડશે એમ બોલતો હતો. અને એ ઉન્માદને મારવા આ જુગુપ્સાનો ઉપયોગ કરવાનું વિચાર્યું, પણ લોહીમાં રહેલા નાગે ફૂંફાડા માર્યા કાળીનાગ જીત્યો, કામવૃતિના દમનને ઇચ્છતો નાયક અંતે હસ્યો. **'રીગર મોર્ટીસ'**નો નાયક વૃંદાવન શેઠને ચેપી રોગ થાય તેથી પત્ની વિજયા તેમને હોસ્પિટલ મોકલે છે. રોગ, ભય અને વણસંતોષાએલી વાસનાને કારણે તેઓ તંદ્રા અવસ્થામાં પહોચે છે. **'ચૂમ્બન'** વાર્તામાં પણ કપોલકલ્પના દ્વારા નાયકના આંતર જગતને ખોલ્યું છે. પત્નીના મૃત્યુ પછી સ્ત્રીને ઝંખતા નાયકનું સંવેદન તંત્ર પ્રત્યક્ષ થાય છે. **'પરગજું વ્રજભૂખણદાસ'**માં હંમેશા સારી વ્યક્તિ તરીકે વર્તતા વ્રજભૂખણદાસ ટ્રેનની ભીડમાં મોકો મળતા બીજાના ખીસ્સામાં હાથ નાખે છે પણ અંતે પોતાના અસતીત્વનું ભાન થતાં ફરી પરગજું બને છે. **'કાદવ અને કમળ'** જગ્ગુ અનૈતિક કામ કરે છે, એને જોય બધા ગભરાય છે પણ પાંચ વર્ષથી સામેની ખોલીમાં રહેતી ગંગાને ઇનો ડર નથી. માબાપના ગુજર્યા પછી બધાના અનેક કામોમાં મદદ કરી ગુજરાન ચલાવે, નાના ભાઈને ભણાવે. અવાર નવાર જગ્ગુને પણ મદદરૂપ થાય અને મદદ માગે, આ ગંગાને જોઈ હવે જગ્ગુ અનુભવે કાદવને ચૂસીને જેમ પોયણી મત્ત બને તેમ ગંગા ખીલે છે. પોતાનામા માત્ર ઝેરનો ગઠ્ઠો છે જે વધતો જાય છે, જેને એણે ગંગારૂપી દ્વીપ પર ઠાલવી દેવું હતું. બીમાર જગ્ગુની સારવાર કરતી ગંગાનો તે હાથ પકડી લે છે. જગ્ગુને દુષ્કૃત્યમાંથી ઉગારી લેવા પોતાની બંગડી વડે જ તે પોતાની નસ કાપી નાખે છે.

**'રાત્રિર્ગમિષ્યતી!'** વાર્તામાં પતિની ગેરહાજરીમાં રાત્રીના સમયે પતિના મિત્ર મધુકર સાથે કઈ રીતે વર્તવું, શું બોલવું, તેના અર્થ વિશે વિચારવું, પોતાના જ ભાવોનો અર્થ સમજવો વગેરે અનેક મૂંઝવણમાં મથતી નાયિકાની મનોદશા વ્યક્ત થાય છે. **'પ્રિયતમા'** ની નાયિકા શારદાને હેમંતને મળતા પત્રમાં નંદની માટેનો પ્રેમ તેની આખમાં પાણી લાવી દે છે. આખો દિવસ પોતાને આપેલો એ પત્ર તેને કેટકેટલું સુખ આપતો હતો જેને વાંચતાં જ તે પ્રિયતમા મટીને એક સામાન્ય છોકરી બની જાય છે. **'ગૃહપ્રવેશ'**માં ઘરમાંથી આવતા મુક્ત હાસ્ય, બે પડછાયાને જોઈ સુભાષ ત્રંરંગમાં પ્રવેશે છે. પ્રેમ, દયા, ધૃણા, ઝંખના બધી લાગણીઓને મિક્ષ કરી એમાથી એક વિચિત્ર કલ્પના રચે. વાસ્તવીકતાની વધું નજીક આવતા તે તેમાથી છૂટવા કપોલક્લ્પ્નાના પ્રદેશમાં પ્રવેશે. ઘરમાં પ્રવેશે ત્યારે એને એવું લાગે કે પોતાનું અસ્તિત્વ બહાર છે ને ઘરમાં માત્ર હવે પડછાયો જ પ્રવેશ્યો છે.

આમ, આ સંગ્રહની વાર્તાઓમાં સમાજની વાસ્તવિક પરીસ્થિતિ, શ્રીમંત અને ગરીબ વ્યક્તિનું જીવન, ગરીબી, લાચારી, બેરોજગારી, હતાશા, નિરાશા, એકલતા, અસંગતિ, રૂપ-કુરૂપની મથામણ, સ્ત્રી-પુરુષ સંબંધ, દાંપત્ય જીવનની અટપટી ગૂચ, શારીરીક કે માનશિક પીડાને ભોગવતા પાત્રો, વ્યવસ્થાને ફગાવીને સમાજ વિરૂદ્ધનું કાર્ય કરતા માનવો નજરે ચડે છે. એમની વાર્તાઓ વાસ્તવિક જીવનનો બને તેટલો તાગ કાઢવાની દિશામાં હોય છે. જેવા છે તેવા જ માનવોને અલગ અલગ પ્રયુક્તિ દ્વારા તેમની લાગણીઓને તાદ્દ્શ કરી છે. આ સંગ્રહની વાર્તાઓ વિશે સુમન શાહ નોંધે છે તેમ કે –"'ગૃહપ્રવેશ'ની મોટાભાગની રચનાઓમાં સર્જકનું મન પૂર્ણ વાસ્તવના સંદર્ભમાં ambivalence of emotion – ભાવશબલતાનું ચિત્રણ કરવામાં લાગેલું હતું – અને એ દિશામાં સસંકલ્પ એમણે પોતાની સર્જકતાને સક્રિય બનાવેલી હતી. પરંતુ અભિવ્યક્તિ વિષયક આ સચ્ચાઈની સાથોસાથ પરમ્પરાપુષ્ટ સમાજજીવનની તરાહોમાં સંસિદ્ધ થઈ આવેલા પોકળ જીવનમૂલ્યો સામેનો એમનો પ્રચ્છન્ન વિદ્રોહ પણ એમાં ભળેલો જોઈ શકાય છે. એ સામાજીક દંભ અને જૂઠાણાંના સ્તર આ રચનાઓમાં ઉત્તરોત્તર ચેરાતાં જાય છે, છેદાય છે; કહેવાતી નીતી એને કહેવાતી શ્ર્લીલતાના કાંઠા તોડીને પાત્રો 'સ્વ'ને પૂર્ણપણે પામવાની દિશામાં કટિબદ્ધ થાય છે.-'સમાજ' નામના ચોકઠાની બહાર તેઓ છલકાય છે – રીતરસમો અને નીતિનિયમોને તેઓ છડેચોક ઉલ્લંઘી જતાં જણાય છે."૪ માનવમનની આવી અનેક સંવેદના, લાગણીઓને આ સંગ્રહની વાર્તાઓમાં અનુભવી શકાય છે.

- પાદટીપ

૧. સુરેશ જોષીથી સુરેશ જોષી, સુમન શાહ, પાશ્વ પબ્લિકેશન, બીજી આવૃતિ,૨૦૦૨.પાનાં નં૩૩

૨. ગૃહપ્રવેશ, સુરેશ હ. જોષી, પાશ્વ પબ્લિકેશન, ત્રીજી આવૃતિ, ૨૦૦૭. સંપાદક નોંધ.

૩. ગૃહપ્રવેશ, સુરેશ હ. જોષી, પાર્શ્વ પબ્લિકેશન, ત્રીજી આવૃતિ, ૨૦૦૭. સંપાદક નોંધ.

૪.સુરેશ જોષીથી સુરેશ જોષી, સુમન શાહ, પાર્શ્વ પબ્લિકેશન, બીજી આવૃતિ,૨૦૦૨.પાનાં નં-૭૨

- સંદર્ભ ગ્રંથ

૧. ગૃહપ્રવેશ, સુરેશ હ. જોષી, પાર્શ્વ પબ્લિકેશન, ત્રીજી આવૃતિ, ૨૦૦૭.

૨.સુરેશ જોષીથી સુરેશ જોષી, સુમન શાહ, પાર્શ્વ પબ્લિકેશન, બીજી આવૃતિ,૨૦૦૨.